Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ઓનલાઇન અને ડિજિટલ શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ

## (USE OF TECHNOLOGY IN ONLINE AND DIGITAL EDUCATION)

RESEARCHER
DR. ROHIT C. PATEL
(M.COM.,M.ED.,PH.D.)
Lecturer, District Institute Of Education And Training, Navsari

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ**

શિક્ષણમાં તકનીકી એ સાધન છે સાધ્ય નથી અને નીતિગત ઉદ્દેશોનો અમલ કરવા માટે તકનીકી પરિતંત્રો (Eco System)ના ચાલકો (કર્મચારીઓ)ને સંગઠિત કરી એકબીજા સાથે યોગ્ય રીતે સાંકળવા પડશે. ઈ-શિક્ષણના શાળા અને ઉચ્ચત્તર શિક્ષણ એમ બંનેની આવશ્યકતાઓ ઉપર ધ્યાન આપવા માટે મંત્રાલયમાં બુનિયાદી માળખા માટે ડિજિટલ સામગ્રી અને ક્ષમતા નિર્માણની વ્યવસ્થા કરવા માટેના ઉદ્દેશો માટે એક સમર્પિત એકમની સ્થાપના કરવામાં આવશે. તકનીકીનો ઝડપી વિકાસ થઈ રહ્યો હોવાથી ઉચ્ચ ગુણવત્તાવાળા ઈ-લર્નિંગને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે તજ્જ્ઞોની જરૂરિયાત રહે છે આ માટે એક એવાં ઓજસ્વી પરિતંત્રને (Eco System)ને પ્રોત્સાહન આપવાની જરૂર છે જે માત્ર ભારતમાં ભારતની વિસ્તાર, વિવિધતા, સમતા સામેના પડકારોનો માત્ર ઉકેલ જ ન શોધે, પરંતુ સતત બદલાતી અને વિકાસ પામતી તકનીકી સાથે પણ સમાયોજન સાધી શકે. આથી આ કેન્દ્રમાં પ્રશાસન, શિક્ષણ, શૈક્ષણિક તકનીકી, ડિજિટલ અધ્યાપનશાસ્ત્ર અને મૂલ્યાંકન, ઇ-ગવર્નન્સ વગેરે ક્ષેત્રોથી જોડાયેલ તજ્જ્ઞોનો સમાવેશ થશે.




1. **પ્રસ્તાવના:**

૨૧મી સદીના ભારત પાસેથી વિશ્વને ખૂબ અપેક્ષાઓ છે. ભારતનું સામર્થ્ય છે કે પ્રતિભા અને તકનીકીનુ સમાધાન આખી દુનિયાને આપી શકાય. આ જવાબદારીને પુર્ણ કરવા આપણી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જે પણ સમાધાન

સૂચવવામાં આવ્યા છે એનાથી ભવિષ્યલક્ષી તકનીકી પ્રત્યેની એક વિચારસરણી વિકસિત કરવાની ભાવના પણ છે . હવે તકનીકી એ આપણને ખૂબ જ ઝડપથી, ખૂબ જ સારી રીતે ,ખૂબ જ ઓછા ખર્ચે ,સમાજના છેવાડે ઊભેલા વિદ્યાર્થી સુધી પહોંચવાનું માધ્યમ બન્યું છે. આપણે આનો મહત્તમ ઉપયોગ કરવાનો છે. આ શિક્ષણ નીતિના માધ્યમથી તકનીકી આધારિત ઉત્તમ વિષયવસ્તુ અને કોર્ટના વિકાસમાં ખૂબ મોટી મદદ મળશે. બેઝિક કમ્પ્યુટર કોડિંગ અને સંશોધન પર વધારે ભાર હોય. આ ફક્ત શિક્ષણ નીતિ જ નહીં પણ આખા સમાજને અને સમાજની વિચારધારાને માધ્યમ બની શકે છે. વર્ચ્યુઅલ લાઈફ જેવો વિચાર આવા લાખો સાથીઓ સુધી નવીન શિક્ષણને લઈ જશે, કે જેઓ પ્રયોગશાળાના અભાવે કેટલાક વિષયોની ભણી શકતા નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપણા દેશમાં સંશોધન અને શિક્ષણ વચ્ચેની જગ્યા અને પૂર્વમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જ્યારે સંસ્થાઓને સુવિધાઓમાં આ સુધારો દેખાશે ત્યારે જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને વધુ અસરકારક અને ત્વરિત ગતિથી અમલમાં મૂકી શકાશે.



ભારત દેશે માહિતી સંચાર ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાનમાં હરણફાળ આગળ વધી રહ્યો છે. mission mangal ચંદ્રયાન 3 પણ પ્રગતિમાં છે.

ડિજિટલ ઇન્ડિયા કેમ્પેઇન યુગમાં સમગ્ર રાષ્ટ્રને બીજી રીતે સમાજનું નિર્માણ કરવું તેમ જ જ્ઞાન અને અર્થતંત્રમાં પરિવર્તન કરવા માટે જ્યારે પરિવર્તન થઈ રહ્યા હોય ત્યારની આ પરિવર્તનની પ્રક્રિયામાં શિક્ષણ એ મહત્વની ભૂમિકા ભજવવાનો છે એમાં બે મત નથી અને પૂર્વ નિર્ધારિત છે કોઈપણ પ્રક્રિયામાં અભ્યાસના અંતે નીપજ એટલે કે શ્રેષ્ઠ પરિણામની અપેક્ષા આપણે રાખતા હોઈએ છીએ.




આ 24 મો પ્રકરણ છે ઓનલાઇન એન ડિજિટલ એજ્યુકેશન. ENSURING EQUITABLE TECHNOLOGY એટલે કે ટેકનોલોજીનો ન્યાય સંગત ઉપયોગ સુનિશ્ચિત કરવો.




**<u>ટેકનોલોજી અને શિક્ષણ</u>**

(1) ટેકનોલોજી અને શિક્ષણ સાંપ્રત સમયમાં એક સિક્કાની બે બાજુ જેવા છે

(2) ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપીને સક્ષમ ગતિશીલ અને જ્ઞાનયુક્ત સમાજનું નિર્માણ કરવું.

(3) ટેકનોલોજીના ઉપયોગ વડે શૈક્ષણિક પ્રક્રિયા અને વધુ સારી ગુણવત્તાલક્ષી અને પરિણામલક્ષી બનાવવા પર વધુ ઝોક.

## 2. NEP 2020 માં ઓનલાઇન અને ડિજિટલ શિક્ષણની જરૂરિયાત

- NEP 2020 ટેકનોલોજીના સંભવિત પડકારનેનો સ્વીકાર કરીને તેનાથી થતા લાભનો મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ઓનલાઇન એન ડિજિટલ એજ્યુકેશનનો લાભ આપણે ત્યાં સુધી ન લઈ શકીએ જ્યાં સુધી ડિજિટલ મટીરીયલ એટલે કે સસ્તા દરે કમ્પ્યુટરના સાધનો પૂરા પાડવા જેવા પ્રયાસો કે ડિજિટલ અંતરને સમાપ્ત કરીએ.
- પ્રભાવશાળી ઓન લાઇન પ્રશિક્ષકો ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે શિક્ષકોને જરૂરી પ્રશિક્ષણ થાય તે જરૂરી છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 દ્વારા ઓનલાઇન અને ડિજિટલ ટેકનોલોજી સંદર્ભે કરેલ ભલામણ.




NEP 2020 ડિજિટલ ટેકનોલોજીના ઉદ્ભવ તેમજ શાળાકીય શિક્ષણથી લઈને ઉચ્ચ

શિક્ષણ સુધીના તમામ સ્થળોએ શીખવવાના માટેના ટેકનોલોજીના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં કુલ ૧૦ જેટલી ભલામણ કરવામાં આવી છે.

**3. ઓનલાઇન શિક્ષણ માટે અજમાયશી અભ્યાસ: ( PILOT TEACHING (**

- ઓનલાઈન શિક્ષણની મર્યાદાઓ જેવી કે વિદ્યાર્થી,વિજાણું યંત્રની ટેવ, e-content કેવા સ્વરૂપમાં તૈયાર કરવું.
- શિક્ષણ (પ્રવુત્તિલક્ષી) સાથે ઓનલાઇન શિક્ષણને જોડવું.
- મૂલ્યાંકન કરવા માટે NETF, CEIT, NIOS, IGNOU, IITs, NITs વગેરે જવી યોગ્ય એજન્સીઓને અજમાયશી અભ્યાસોની એક શ્રેણી હાથ ધરવા માટે સૂચિત કરવામાં આવશે.
- ડિજિટલ ટેકનોલોજીને શિક્ષણની સાથે એકીકૃત કરવાથી થતા લાભનું મૂલ્યાંકન કરવુ.
- વિદ્યાર્થીઓના ઉપકરણના ઉપયોગ અંગેની ટેવો વિકસાવવી.
- પ્રાયોગિક શિક્ષણના પ્રાપ્ત પરિણામોને સાર્વજનિક કરવામાં આવશે, તેમજ સતત સુધારા માટે તેનો ઉપયોગ કરવામાં આવશે.

આ અજમાયશી અભ્યાસોના પરિણામો જાહેર રીતે જણાવવામાં આવશે અને તેનો ઉપયોગ સતત સુધારા માટે કરવામાં આવશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

### 4. ડિજિટ લ માળખું: ) DIGITAL INFRASTRUCTURE (

ભારતના વ્યાપને આધારે વિવિધતા, જટિલતા અને ઉપકરણ ઉપલબ્ધતા (Device Penetration)ને ઉકેલવા માટે શિક્ષણના ક્ષેત્રમાં ખુલ્લા, આંતરસંચાલિત , વિકસી શકાય તેવા જાહેર વિજાણું માળખાના નિર્માણની આવશ્યકતા  છે જેનો ઉપયોગ અનેક મંચ અને કેન્દ્રિય ઉકેલ દ્વારા કરી શકાય છે . આ સુનિશ્ચિત કરશે કે તકનીકી આધારિત ઉકેલો તકનીકીમાં ઝડપી પ્રગતિ સાથે જૂના ન થઈ જાય.

- ભારત દેશ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે .
- તેથી શિક્ષણ ક્ષેત્ર માં open door પોલિસી અને આધુનિક સાર્વજનિક ડિજિટલ infrastructure ની જરુરીયાત છે .
- ઉપયોગ: જુદા જુદા પ્લેટફોર્મમાં સમય મર્યાદામાં કરવો પડે . કેમ કે ટેક્નોલોજીમાં સેકંડે સેકન્ડે પ્રગતિ થઈ રહી છે .

### 5. ઓનલાઇન ટીચિંગ પ્લેટ ફોર્મ અને સાધનો:

શિક્ષકોને વિદ્યાર્થીઓની પ્રગતિ પર નજર રાખવા માટે માળખાગત, વપરાશકર્તાને અનુકૂળ,સમૃદ્ધ સહાયક સાધનો પૂરા પાડવા માટે SWAYAM/DIKSHA જવો યોગ્ય વર્તમાન ઇ-લર્નિંગ પ્લેટ ફોર્મને વિસ્તૃત કરવામાં આવશે.






Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ઓનલાઇન વર્ગો યોજવા માટે દ્વિ-માર્ગીય વીડિયો અને દ્વિ-માર્ગીય ઓડિયો ઇન્ટરફેસ એ વાસ્તવિક જરૂરિયાત છે. જે વર્તમાન મહામારીએ દર્શાવ્યું છે.

- સ્વયં દીક્ષા જેવા લર્નિંગ પ્લેટફોર્મ ને વધુમાં વધુ યુઝર ફ્રેન્ડલી બનાવવામાં આવશે.
- Diksha portal પ્લેટફોર્મ નો વિકાસ અને વિસ્તાર કરવો.
- શૈક્ષણિક સાધનો કે જે લેટેસ્ટ version ના હોય તેનો ઉપયોગ કરવાનો રહેશે.
- Two way communication જરૂરી છે તેથી audio video વાળા ઉપકરણો ની વાસ્તવિક જરૂરિયાત છે.

**6. <u>સામગ્રી સર્જન, ડિજિટલ રિપોઝિટરી અને પ્રસાર:</u>**

કોર્સ વર્ક, લર્નિંગ ગેમ્સ એન્ડ સિમ્યુલેશન, ઓગમેન્ટેડ રિયાલિટી અને વર્ચ્યુઅલ રિયાલિટી સહિતની સામગ્રીનો વિજાણું (Digital)ભંડાર વિકસાવવામાં આવશે, જેની અસરકારકતા અને ગુણવત્તા બાબતે વપરાશકર્તાઓ દ્વારા રેટિંગ માટે સ્પષ્ટ જાહેર વ્યવસ્થા વિકસાવવામાં આવશે. આનંદદાયક અધ્યયન માટે વિદ્યાર્થીઓને યોગ્ય સાધનો જેવી કે એપ્લિકેશન્સ, ભારતીય કલા અને સંસ્કૃતિ, અનેક ભાષાઓમાં,સ્પષ્ટ ઓપરેટિંગ સૂચનાઓ સાથે પણ બનાવવામાં આવશે. વિદ્યાર્થીઓને ઇ-કન્ટેન્ટના પ્રસાર માટે વિશ્વસનીય બેકઅપ મિકેનિઝમ પૂરું પાડવામાં આવશે.

- ડિજિટલ કન્ટેનરનો વિશાળ જથ્થો તૈયાર કરવામાં આવશે.

- જેમાં નવા ફોરવર્ડ કોર્સ વર્ગ ગેમ વગેરેનો વિકાસ કરવામાં આવશે.( learning games,simulation , virtual classroom ).
- દરેક ધોરણ અને વિષયના વિષયવસ્તુ માટે ડિજિટલ રિપોઝટરીનો વિકાસ કરાશે .
- વિધ્યાર્થીના મનોરંજન માટે તેમણે શિક્ષણમાં વધુ રસ પડે તે માટે app નો વિધ્યાર્થી જાતે ઉપયોગ કરી શકે.
- ભારતીય ભાષાઓમાં ભારતીય કલા અને સંસ્કૃતિના એકીકરણના પ્રોગ્રામો બનાવાશે.
- વિધ્યાર્થીઓ ઇ- સામગ્રીનો પ્રસાર પ્રચાર કરી શકે તે માટે back – up તંત્ર ઊભું કરાશે.

7. **ડિજિટલ અંતર ઓછું કરવું : ( DIGITAL DIVIDE (**

હજુ પણ વસ્તીનો નોંધપાત્ર વર્ગ છે જેમની ડિજિટલ પહોંચ અત્યંત મર્યાદિત છે ટેલિવિઝન, રેડિયો અને કમ્યુનિટી રેડિયો જેવા વર્તમાન સામૂહિક માધ્યમોનો વ્યાપક ઉપયોગ, પ્રચાર અને પ્રસારણ માટે કરવામાં આવશે. વિદ્યાર્થીઓની વસ્તીની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ ભાષાઓમાં આવા શૈક્ષણિક કાર્યક્રમો 24/7 ઉપલબ્ધ કરાવવામાં આવશે. તમામ ભારતીય ભાષાઓમાં સામગ્રી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને તેની જરૂર પડશે. ડિજિટલ સામગ્રીએ

શક્ય હોય ત્યાં સુધી શિક્ષકો અને વિદ્યાર્થીઓ સુધી તેમની સૂચનાના માધ્યમ પ્રમાણે પહોંચવું પડશે.

- ઓનલાઇન શિક્ષણનો ફાયદો આપણે ત્યાં સુધી નહી ઉઠાવી શકીએ ત્યાં સુધી દેશમાં ડિજિટલ devide રહેશે.
- ડિજિટલ અંતરનો સીધો અર્થ એ છે કે મોટાભાગના લોકો પાસે ઓનલાઇન શિક્ષણ માટે સંશોધન ઉપલબ્ધ નથી.

**8. <u>વર્ચ્યુઅલ પ્રયોગશાળાઓ: ) VIRTUAL LABORATORY (</u>**

વર્તમાન ઇ-લર્નિંગ પ્લેટ ફોર્મ જવો કે DIKSHA, SWAYAM SWAYAMPRABHAનો પણ વર્ચ્યુઅલ લેબબનાવવા માટે ઉપયોગ કરવામાં આવશે, જેથી તમામ વિદ્યાર્થીઓ ગુણવત્તાયુક્ત વ્યવહારૂ અને પ્રયોગ આધારિત શીખવાના અનુભવોની સમાન સુલભતા મેળવી શકે. પ્રી-લોડેડ સામગ્રી ધરાવતા ટેબલેટ જવો યોગ્ય ડિજિટલ ઉપકરણો મારફતે SEDGના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પૂરતી પહોંચ પૂરી પાડવાની શક્યતાને ધ્યાનમાં લેવામાં આવશે અને વિકસાવવામાં આવશે.

- દીક્ષા સ્વયમ અને સ્વયંપ્રભા જેવા ઇ-લર્નિંગ પ્લેટફોર્મ પર વર્ચ્યુઅલ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવશે.
- Students ને વ્યાવહારિક અને પ્રયોગ આધારિત શિક્ષણ મેળવવા સમાન તકો પ્રાપ્ત થાય.

- Students ને આધુનિક સુવિધા ધરાવતા ટેબલેટ જેવા ડિજિટલ સાધનો આપવાની પૂરી સંભાવના રહેશે.

**9. <u>શિક્ષકો માટે તાલીમ અને પ્રોત્સાહનો: ( TEACHERS TRAINING (</u>**

શિક્ષકો અધ્યેતા કેન્દ્રિત શિક્ષણ અને ઓનલાઇન ટીચિંગ પ્લેટ ફોર્મ અને સાધનોનો ઉપયોગ કરીને ઉચ્ચ ગુણવત્તા યુક્ત ઓનલાઇન સામગ્રી સર્જક કેવી રીતે બનવું તે અંગે સખત તાલીમમાંથી પસાર થશે. વિદ્યાર્થીઓની વિષયવસ્તુ સાથે અને એકબીજા સાથે સક્રિય ભાગીદારી સંદર્ભે શિક્ષકની ભૂમિકા પર ભારમૂકવામાં આવશે.

- શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ માટેનું વિષયવસ્તુ કેવી રીતે નિર્માણ કરો તેની તાલીમ આપવામાં આવશે.
- તેઓ ઓનલાઇન શૈક્ષણિક ડિજિટલ પ્લેટફોર્મને ડિજિટલ સામગ્રીની પસંદગી જાતે કરી શકશે.
- શિક્ષક અને તેના students વચ્ચે યુનિટી સાથે તેઓ એકબીજાને મદદરૂપ થઈ તે આવશ્યક રહેશે.

**10. <u>ઓનલાઈન મૂલ્યાંકન અને પરીક્ષાઓ:</u>**

રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર અથવા PARAKH, શાળા શિક્ષણ બોર્ડ , NTA જેવી યોગ્ય અને નિશ્ચિત વિભાગો દ્વારા મૂલ્યાંકનના માળખાઓનુ નિર્માણ અને વહન કરવામાં આવશે. જેવી ડીઝાઇન ક્ષમતાઓ, પોર્ટફોલિયો, સમજૂતી , પ્રમાણિત વિશ્લેષણાત્મક મૂલ્યાંકન વગેરેને ધ્યાનમાં રાખી કરવામાં આવશે. 21મી સદીના

કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરતા મૂલ્યાંકનની નવી તરકીબોનું અધ્યયન તકનીકીનો ઉપયોગ કરીને કરવામાં આવશે.

- પ્રસ્તાવિક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર અથવા શાળા બોર્ડ એનડીએ અને અન્ય નિર્દેશિત સંસ્થાઓ મૂલ્યાંકનની રૂપરેખાનું નિર્માણ અને અમલીકરણ કરશે.
- ટેટનું કાર્યક્ષેત્ર વધુ વ્યાપક બનાવવામાં આવશે અને પૂર્વ પ્રાથમિક પ્રાથમિક ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક કક્ષા સુધીની શિક્ષકોની પાત્રતા ચકાસણી પણ ટેટ વડે થશે.
- કોલેજ અને વિશ્વવિદ્યાલયમાં શિક્ષકોની ભરતી માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આયોજિત પરીક્ષા પાસ કરવી પડશે.

**11. <u>શીખવાનું મિશ્રિત મોડેલ્સ (Blended Models of Learning):</u>**

ડિજિટલ શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં પ્રત્યક્ષ હાજરીની અનુભતિ જાળવવી પણ એટલી જ મહત્ત્વની છે તેને ધ્યાનમાં રાખતા જ મિશ્રિત અધ્યયન (Blended Learning) ના અલગ અલગ વિષયોને અસરકારક નવીન મોડલ્સના નવા સ્વરૂપ ઓળખી અને વ્યવહારમાં લાવવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- ડિજિટલ ટીચિંગ અને લર્નિંગમાં વધારો કરવાની સાથે સાથે પરંપરાગત વ્યક્તિગત રૂપથી સામ સામે બેસીને શીખવાની પ્રક્રિયાનો પણ સ્વીકાર કરવામાં આવે છે.
- ઉપરાંત વિવિધ વિષયોને શીખવા માટે વિભિન્ન મિશ્રિત મોડેલ પસંદ કરવામાં આવશે.

**12. <u>માનાંકોને પૂર્ણ કરવા</u>**

NETF અને તેને સમકક્ષ અન્ય વ્યવસ્થાઓ તેમજ એજન્સીઓએ ઓન લાઈન અથવા ડિજિટલ શિક્ષણના ક્ષેત્રમાં વધુ ખેડાણ અને સંશોધનકારી નવા વિષય વસ્તુ , તકનીકીના સાધનો તેમજ અધ્યાપનશાસ્ત્રોના માનાંકો પ્રસ્થાપિત કરવા જોઈએ. આ માનાંકોની મદદથી વિવિધ રાજ્યોના વિવિધ બોર્ડ , શાળા અને શાળા સંકુલો તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને લગતી માર્ગદર્શિકાઓ તૈયાર કરવામાં મદદ કરશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**13. સમાપન :-**

NEP 2020 અભ્યાસ પરથી જાણવા મળે છે કે આવનારા સમયમાં ઓનલાઈન શિક્ષણ અને ડિજીટલ માધ્યમ દ્વારા શિક્ષણનો પ્રચાર અને પ્રસાર વધવાનો છે.

**સંદર્ભ સાહિત્ય:**

- Google youtube video
- ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન ગાંધીનગર રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 પરામર્શ "ઊઘડતી દિશાઓ " ડી ડી ગિરનાર સંવાદ શ્રેણી
- GCERT દ્વારા શિક્ષક પર્વ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 સંદર્ભે સંગોષ્ઠી કાર્યક્રમ.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 સંદર્ભે સંગોષ્ઠી કાર્યક્રમનું ગુજરાતી અનુવાદ PDF
- Wikipedia NEP- 2020 information.